# હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી

યુનિવર્સિટી રોડ, પો.બો.નં. ૨૧, પાટણ (ઉ.ગુ.) – ૩૮૪૨૬૫

**પરીપત્ર ક્રમાંક : ૧૩૩ / ૨૦૧૫**

**વિષય : એનરોલમેન્ટ/રજીસ્ટ્રેશન અંગે.**

આ યુનિવર્સિટી સંલગ્ન તમામ વિદ્યાશાખાના આચાર્યશ્રીઓને યુનિવર્સિટીની તા.૨૦/૦૮/૨૦૧૫ ની કારોબારી સમિતિ સભાના ઠરાવ ક્રમાંક–૬૪ મુજબ પૂરક પરીક્ષા લેવા સંબંધી સંકલન સમિતિની સભાનોંધ મંજૂર કરવામાં આવેલ છે. સંકલન સમિતિની સભામાં નિયત કરવામાં આવેલ છે કે જે વિદ્યાર્થી સ્નાતક કક્ષાના અભ્યાસક્રમમાં સેમ–૧ માં પ્રવેશ મેળવતા વિદ્યાર્થીઓનું એનરોલમેન્ટ થયા બાદ સદર વિદ્યાર્થીઓને વધુમાં વધુ ૬(છ) વર્ષમાં સ્નાતકની પદવી ફરજિયાત મેળવવાની રહેશે. જો વિદ્યાર્થી ધ્વારા ૬(છ) વર્ષમાં સ્નાતકની પદવી મેળવવામાં નહી આવે તો તેવા વિદ્યાર્થીઓનું એનરોલમેન્ટ આપોઆપ ૬(છ) વર્ષ બાદ રદ થઈ જશે અને ૬(છ) વર્ષ બાદ સદર વિદ્યાર્થીઓનું નવેસરથી યુનિવર્સિટીમાં સેમ–૧ માં એનરોલમેન્ટ કરાવવાનું રહેશે. જેની ખાસ નોંધ લેશો.

વધુમાં અનુસ્નાતક કક્ષાના અભ્યાસક્રમમાં અનુસ્નાતક સેમ–૧ માં પ્રવેશ મેળવતા વિદ્યાર્થીનું રજીસ્ટ્રેશન થયા બાદ વધુમાં વધુ ૪(ચાર) વર્ષમાં અનુસ્નાતકની પદવી મેળવી લેવાની રહેશે. જે વિદ્યાર્થી ધ્વારા ૪ (ચાર) વર્ષમાં અનુસ્નાતકની પદવી મેળવવામાં નહી આવે તો તેવા વિદ્યાર્થીઓનું રજીસ્ટ્રેશન આપોઆપ ૪(ચાર) વર્ષ બાદ રદ થઈ જશે. ૪(ચાર) વર્ષ બાદ સદર વિદ્યાર્થીઓએ નવેસરથી અનુસ્નાતક સેમ–૧ માં રજીસ્ટ્રેશન કરાવવાનું રહેશે. જેની ખાસ નોંધ લેશો.

સદર પરિપત્રનો દરેક વિદ્યાર્થી તેમજ સંબંધિત સ્ટાફને ધ્યાને લાવી તેનો ચુસ્તપણે અમલ કરવાનો રહેશે.

કા.કુલસચિવ

નં.એકે/પ્રવેશ/૩૭૭૬/૨૦૧૫
તા.૧૯/૦૯/૨૦૧૫

પ્રતિ,
- યુનિવર્સિટી સંલગ્ન તમામ વિદ્યાશાખાની કોલેજો તરફ.
- યુનિવર્સિટીના પ્રત્યેક વિભાગના વડાશ્રીઓ તરફ.
- પરીક્ષા નિયામકશ્રી, પરીક્ષા વિભાગ
- કોમ્પ્યુટર સેન્ટર (યુનિવર્સિટી વેબસાઈટ પર મૂકવા સારૂ)

F:\SAMIR\2015\ENROLMENT\PARIPATRA.doc